દાદા ભગવાન પરિવારનું

જાન્યુઆરી ૨૦૨૫

# અક્રમ એક્સપ્રેસ



# દાન
## ખજાનાની શોધમાં...

## સંપાદકીય

ફ્રેન્ડ્સ, મંદિરોમાં આપણે 'દાનપેટી' શબ્દ વાંચ્યો હશે. ક્યારેક વડીલોએ દાનપેટીમાં મૂકવા માટે આપણને પૈસા પણ આપ્યા હશે. પણ, 'દાન' એટલે ખરેખર શું ? દાનના કેટલા પ્રકાર હોય ? શું દાન આપવા માટે આપણી પાસે પૈસા હોવા જરૂરી છે ? આ અંકમાં આપણે આ પ્રશ્નોના ઉકેલ મેળવીશું. સાથે સાથે ત્વિશા, અંબિક અને શૌર્યને ટ્રેઝર-હન્ટની રમતના ક્લૂઝ સૉલ્વ કરવામાં મદદ પણ કરીશું.

તો, ચાલો જોઈએ કે ટ્રેઝર-હન્ટની જર્નીમાં આપણા મિત્રોને શું ખજાનો મળે છે અને એ ખજાનાને દાન સાથે શું કનેક્શન છે.

- ડિમ્પલ મહેતા


અક્રમ એક્સપ્રેસ

January, 2025
Year 17, Issue : 05
Conti. Issue No.: 197
Published Monthly



સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.



© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved



Price Per Copy: NIL

# દાદાજી કહે છે...



દાન એટલે બીજા કોઈ પણ જીવને, મનુષ્ય હોય કે બીજા પ્રાણી હોય તેમને સુખ આપવું. અને બધાને સુખ આપ્યું એટલે એનું 'રિએક્શન' આપણને સુખ જ આવે. સુખ આપો તો તરત જ સુખ તમારે ઘેર બેઠા આવે !

પોતાના ઘરના રૂપિયા આપો છતાં સુખ થાય, કારણ કે સારું કામ કર્યું. સારું કામ કરે એટલે સુખ થાય અને ખરાબ કામ કરે તે ઘડીએ દુઃખ થાય.

ચાર પ્રકારના દાન છે. એક આહારદાન, બીજું ઔષધદાન, ત્રીજું જ્ઞાનદાન અને ચોથું અભયદાન.



## આહારદાન

આ દાનને માટે તો એવું કહ્યું છે કે ભઈ, અહીં કોઈ માણસ આપણે ઘેર આવ્યો હોય તે કહે, 'કંઈક મને આપો, હું ભૂખ્યો છું.' ત્યારે કહીએ, 'બેસી જા અહીં જમવા', એ આહારદાન. આ ભાઈએ ખવડાવ્યું તો આજનો દહાડો તો એ જીવશે. કાલે પછી એને જીવવા માટે કોઈ મળી આવશે. પછી કાલનો વિચાર આપણે નહીં કરવાનો. તમારે ત્યાં આવ્યો એટલે તમે એને આપો, જે કંઈ અપાય તે.







# ઔષધદાન

સાધારણ સ્થિતિનો માણસ હોય તે માંદો પડ્યો હોય ને દવાખાનામાં જાય એટલે ત્યાં આગળ કોઈ કહેશે કે, 'અરે, ડૉક્ટરે કહ્યું છે પણ દવા લાવવાના પચાસ રૂપિયા મારી પાસે નથી. એટલે દવા શી રીતે લાવું ? ત્યારે આપણે કહીએ કે, 'આ પચાસ રૂપિયા દવાના અને દસ રૂપિયા બીજા. અગર તો ઔષધ આપણે મફત આપીએ ક્યાંકથી લાવીને. આપણે પૈસા ખર્ચીને ઔષધ લાવીને એને ફ્રી ઑફ કૉસ્ટ (મફત) આપવું. તો એ બિચારો કંઈ ચાર-છ વર્ષ જીવે. ઔષધદાનને આહારદાનથી વધારે કિંમતી ગણ્યું છે. કારણ કે એ બે મહિનાય જીવતો રાખે. માણસને વધુ ટાઈમ જરા જીવાડે. વેદનામાંથી થોડી ઘણી મુક્તિ કરે.

# ઊંચું જ્ઞાનદાન

જ્ઞાનદાનમાં પુસ્તકો છપાવવા, લોકોને સમજણ પાડી સાચા રસ્તે વાળે અને લોકોનું કલ્યાણ થાય એવા પુસ્તકો છપાવવા એવું તેવું એ જ્ઞાનદાન. હવે એ જ્ઞાન કેવું હોવું જોઈએ ? લોકોને હિતકારી થાય એવું જ્ઞાન હોવું જોઈએ.





દા.ત.દાદાશ્રીનું 'અથડામણ ટાળો' પુસ્તક વાંચીને કેટલાય લોકોના ઝઘડા મટી જાય અને એમના જીવનમાં શાંતિ થઈ જાય.

આ દુનિયામાં ઊંચું જ્ઞાનદાન ! જ્ઞાનદાન આપે તો સારી ગતિઓમાં, ઊંચી ગતિઓમાં જાય અગર તો મોક્ષે પણ જાય.



# ઊંચામાં ઊંચું અભયદાન

અભયદાન તો કોઈ જીવમાત્રને ત્રાસ ના થાય એવું વર્તન રાખવું, એ અભયદાન. માટે કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવા ભાવ પહેલા રાખવા. એમાં પૈસાની કોઈ જરૂર નથી. ઊંચામાં ઊંચું દાન જ આ છે.

જ્ઞાનદાનથી તો શ્રેષ્ઠ અભયદાન ! તે લોકો અભયદાન આપી શકે નહીં ને ! એ જ્ઞાનીઓ એકલા જ અભયદાન આપે. જ્ઞાનીઓ અને જ્ઞાનીઓનો પરિવાર હોય તે અભયદાન આપે. જ્ઞાનીના ફોલૉઅર્સ હોય ને તે અભયદાન આપે. કોઈને ભય થાય નહીં એવી રીતે રહે. સામો ભયરહિત રહે એવી રીતે વર્તે.

કૂતરું પણ ભડકે નહીં એવી રીતે એમનું વર્તન હોય. સામાને દુઃખ થયું કે મહીં પહોંચ્યું એટલે આપણાથી કોઈ જીવને કિંચિત્‌માત્ર પણ ભય ના થાય એમ રહેવું.

# ટ્રેઝર હન્ટ

'યસ !! આપણે કરી બતાવ્યું ! હવે ખજાનો આપણો છે.' અંબિક ટ્રેઝર-હન્ટના (ખજાનાની શોધ) છેલ્લા પડાવ પર હતો.

'અંબિક, આ સાચું ટ્રેઝર-હન્ટ ક્યાં છે, જે તું આટલો ખુશ થાય છે !' પાછળ દોડતી ત્વિશાએ હાંફતા હાંફતા પૂછ્યું. બેઉ માર્ક કરેલી જગ્યા પર આવીને ઊભા રહી ગયા.

'હાશ... ગેમ પૂરી થઈ ગઈ.' શૌર્યએ એના બે ફ્રેન્ડ્સ પાસે આવીને કહ્યું અને પછી એક મોટું બગાસું ખાધું. બધાએ માર્ક કરેલી જગ્યાએ ખોદવાનું શરૂ કર્યું. અંદરથી ત્રણ ગિફ્ટ પૅક કરેલા બૉક્સ નીકળ્યા.

'વિજેતા બાળકો માટે ગિફ્ટ ! શાબાશ !' ત્વિશા કંટાળેલા અવાજમાં બોલી.

શૌર્યએ આંખ કાઢીને કહ્યું, 'ત્વિશા, કમ સે કમ ખુશ થવાનું નાટક તો કર !' શૌર્ય, અંબિક અને ત્વિશા કેમ્પમાં એટલા બધા કંટાળી ગયા હતા કે ના પૂછો ને વાત !

'અરે માટીની અંદર બીજું કંઈક છે.' અંબિકની નજર ખાડામાં ગઈ. ત્વિશા અને શૌર્ય થોડા સીરિયસ થઈ ગયા.

'કદાચ સરે અંદર સર્ટિફિકેટ પણ મૂક્યા હશે.' અંબિકે હસતા હસતા કહ્યું.

શૌર્યએ પેપર બહાર કાઢ્યું અને એના તરફ ધ્યાનથી જોઈને કહ્યું, 'આ કોઈ ક્લૂ લાગે છે.'

ગેમ પત્યા પછી ફરી કોઈ ક્લૂ ? ત્રણેવને નવાઈ લાગી.

'કાલે રાત્રે કેમ્પમાં સરે વાર્તા કહી હતી ને', અંબિક કંઈક યાદ કરતા કરતા બોલી રહ્યો હતો, 'સમુદ્રી ડાકુઓવાળી ! ડાકુઓએ સમુદ્રમાંથી શોધેલો ખજાના અહીંયો છૂપાવ્યો હોય તો ?'



'હા અને આ ક્લૂ એમના સાથીઓ જ સમજી શકે એવા હશે !' ત્વિશા એકદમ ઉત્સાહમાં આવી ગઈ. જાણે એને સાચો ખજાનો જ ના મળી ગયો હોય !

'શાહી (ઈન્ક) પણ લીલા રંગની છે. વર્ષો પહેલા લખેલું હોવાથી ઝાંખી પડી ગઈ છે.' શૌર્ય ઝીણવટથી કાગળને જોઈ રહ્યો હતો.

'આ ક્લૂના આધારે સાચો ખજાનો મળી જાય તો ?' અંબિકની આંખો પહોળી થઈ ગઈ.

'પ્રયત્ન કરીએ ને ? આમ પણ, કેમ્પમાં તો આપણને બધાને કંટાળો આવે છે.' ત્વિશાએ કહ્યું અને અંબિક અને શૌર્ય સહમત થયા.

ત્યાં તો એક નાનો છોકરો એમની પાસે આવ્યો.

'તમે ત્રણેવ ટ્રેઝર-હન્ટના વિજેતા છો. સર તમને બોલાવે છે.' એણે ખુશ થતા કહ્યું.

'એ દોઢા, ચલ ફૂટ.' ત્રણેવ એકસાથે બોલ્યા.

નિરાશ થઈને, મોઢું નીચે કરીને એ ત્યાંથી જતો રહ્યો. આ પહેલી વાર નહોતું બન્યું કે એણે આ કેમ્પના 'ફેમસ થ્રી'નું ધ્યાન પોતાની તરફ ખેંચવા પ્રયત્ન કર્યો હતો. પણ એ લોકોને એનાથી બહુ ચીડ ચડતી. એટલે એને હંમેશાં હડધૂત કરતા.

'તો કાલે સવારે જ્યારે બધા નાસ્તો કરતા હશે ત્યારે આપણે ધીરેથી કેમ્પની બહાર નીકળી જઈશું !' ત્વિશાએ કહ્યું.

નક્કી કર્યા પ્રમાણે સવારના પહોરમાં ત્રણેવ નીકળી તો પડ્યા, પણ થોડી જ વારમાં ચાલી ચાલીને થાકી ગયા. એક મોટા પથ્થર પર થાક ખાવા બેઠા. શૌર્યએ બેગમાંથી ક્લૂવાળું કાગળિયું બહાર કાઢ્યું.

'હવે વાંચો.'



## કલૂ શોધો

શૌર્ય, અંબિક અને ત્વિશાને મળેલા કાગળ પર આપેલી વસ્તુઓના નામના પહેલા અક્ષરના આધારે કલૂ શોધવામાં મદદ કરો.



'અક્ષયપાત્ર' ત્રણેવ એકસાથે બોલ્યા.

'આ તો એક જગ્યા છે. ક્યાંક આ નામ વાંચેલું છે.' ત્વિશાને કંઈક ધૂંધળું ધૂંધળું દેખાઈ રહ્યું હતું.

'આ તો રેસ્ટૉરન્ટનું નામ છે. રસ્તામાં મેં આ બૉર્ડ વાંચ્યું હતું !' અંબિક બોલ્યો.

'તો ચાલો જઈએ !!' શૌર્ય તરત ઊભો થઈ ગયો. રસ્તામાં લોકોને દિશા પૂછી પૂછીને તેઓ 'અક્ષયપાત્ર' રેસ્ટૉરન્ટ પહોંચી ગયા.

ત્યાં ખાસ્સી ભીડ હતી. રેસ્ટૉરન્ટના માલિક એક ખૂણામાં બેસીને કંઈક વાંચી રહ્યા હતા. એમનો ચહેરો બહુ જ પ્રેમાળ હતો. ઉત્સાહપૂર્વક એમની પાસે જઈને ત્રણેવ ઊભા રહી ગયા. ધીમેથી અંબિકે કહ્યું, 'સર, એક વાત પૂછવી હતી.'

'હા, બોલ દીકરા. શું પૂછવું છે ?'

'સર, અહીં ક્યારેય તમને કોઈ ખજાનો મળ્યો છે ?'

'ઓહ, પેલી સમુદ્રી ડાકુવાળી વાર્તા ! તમે એ વાર્તાને સાચી માની લીધી ?!'

ત્રણેવે એકબીજાની સામે જોયું અને નિરાશ થઈ ગયા. તેઓ જવાની તૈયારી જ કરી રહ્યા હતા, ત્યાં તો સરે એમને રોક્યા, 'અરે, અરે... જાઓ છો ક્યાં ? અહીંથી ખાધા વગર ના જવાય.'

ભૂખ તો સખત લાગી હતી. સવારે કેમ્પમાંથી નાસ્તો કર્યા વગર નીકળ્યા હતા. તો પણ ત્વિશાએ કહ્યું, 'ના સર, અમે જઈશું.'

સર એમનો સંકોચ સમજી ગયા. એમણે પ્રેમથી કહ્યું, 'પૈસાની ચિંતા ના કરતા. અક્ષયપાત્રમાં કોઈએ પૈસા ચૂકવવાની જરૂર નથી.'

'હેં ? એવું કેમ ?' ત્રણેવે સાથે પૂછ્યું.

તમે બેસો. હું તમારા માટે નાસ્તો મંગાવું. અને પછી આરામથી એક વાર્તા કહું. ટેબલ પર ગરમાગરમ વડાપાંઉની પ્લેટ ત્રણેવ માટે મૂકાઈ અને સરે વાર્તા શરૂ કરી.



# વડાપાંઉ

સ્ટેશન પર ટ્રેન થોડી ધીમી પડી. બેઉ હાથે બારીની રેલિંગ પકડીને રેયાંશે સ્ટેશનનું નામ વાંચવા માટે માથું ઊંચું કર્યું.

'તને કહ્યું ને, હજી વાર છે.' મમ્મીએ એને બેસાડ્યો.

'આઈસ્ક્રીમ, કોલ્ડડ્રિંક, આઈસ્ક્રીમ' એક ફેરિયો ટ્રેનમાં ચડ્યો.

'બેટા આઈસ્ક્રીમ ખાઈશ ?' પપ્પાએ પૂછ્યું.

'ના પપ્પા, પછી પેટ ભરાઈ જશે.' રેયાંશે મક્કમ થઈને કહ્યું.

'બેટા, કર્જતને હજી એક કલાકની વાર છે.' મમ્મીએ કહ્યું.

'ભલે ! પણ મને કર્જતના વડાપાંઉ ખાવા જ છે, પપ્પા. અને આ વખતે હું કોઈની સાથે શેર નહીં કરું.' રેયાંશે કહ્યું. ગયા વખતે એને એના કઝીન ભાઈ સાથે વડાપાંઉ શેર કરવા પડ્યા હતા અને એ વાતનો અફસોસ એને આજ સુધી હતો.

થોડી વાર રહીને મમ્મી-પપ્પાએ ચા અને થેપલા ખાધા. રેયાંશના પેટમાં ગુડગુડ થઈ રહ્યું હતું પણ એ થેપલું અડ્યો પણ નહીં. વડાપાંઉની જગ્યા એ કોઈની સાથે શેર કરવા નહોતો માગતો.

આખરે, કર્જત સ્ટેશન આવ્યું અને રેયાંશ વડાપાંઉ ખાવા તૈયાર થઈ ગયો.

'પપ્પા બે લઈ આવજો,' બારીમાંથી રેયાંશે બૂમ પાડી.




વડાપાંઉની દુકાન પાસે એક નાનકડો ગરીબ બાળક એની મમ્મીની સાડીનો છેડો ખેંચીને મમ્મીને વડાપાંઉ અપાવવાનો ઈશારો કરી રહ્યો હતો. મમ્મીએ એને જોરથી 'ના' પાડી અને ઊંચકી લીધો. આ દૃશ્ય રેયાંશે ટ્રેનની બારીમાંથી જોયું.

ત્યાં તો રેયાંશના પપ્પા વડાપાંઉ લઈને આવી ગયા. રેયાંશે પડીકું ખોલ્યું અને ગરમાગરમ વડાપાંઉની સુગંધ લીધી. એ જ વખતે પેલા મા-દીકરો એમની ટ્રેનમાં ચડ્યા. બાળકની નજર રેયાંશના વડાપાંઉ પર પડી અને એ તાકીતાકીને જોવા લાગ્યો.

બાળકની એ ભૂખી નજર જોઈને ખબર નહીં રેયાંશને શું થઈ ગયું. કશું જ વિચાર્યા વગર એણે તરત જ વડાપાંઉનું પડીકું વાળ્યું અને એ બાળકના હાથમાં આપી દીધું.


બાળકના ચહેરા પર ખુશીની લહેર ફરી વળી. એની મા પણ બહુ રાજી થઈ. આ જોઈને રેયાંશને કંઈક જુદી જ જાતની પ્રસન્નતા થઈ. આવું તો એણે પહેલા ક્યારેય અનુભવ્યું નહોતું. કોઈ ભૂખ્યા બાળકને એનું મનભાવતું ખાવાનું આપવામાં આટલી બધી ખુશી થાય, એવું એને પહેલીવાર જાણવા મળ્યું.



ત્વિશા, અંબિક અને શૌર્ય ધ્યાનથી સરની વાત સાંભળી રહ્યા હતા. ત્યાં તો એક માણસ આવ્યો અને સરને કહ્યું, 'રેયાંશભાઈ, આ પેપર સાઈન કરી આપજો ને !' સરે પેપર સાઈન કર્યું અને પછી બાળકો સામે જોઈને થોડું હસ્યા.

'એટલે તમે જ એ...??' ત્રણેવની આંખોમાં પ્રશ્ન હતો.

'હા, એ ઘટના મારા મન પર એવી અસર કરી ગઈ કે મોટા થઈને મેં આ રેસ્ટૉરન્ટ ખોલી. ખાનારને જેટલા પૈસા ચૂકવવા હોય એ ચૂકવવાની છૂટ છે. કોઈની પાસે પૈસા માગવામાં આવતા નથી. ભૂખ્યા માણસો પેટ ભરીને ખાય છે. અને નવાઈની વાત એ છે કે અહીં ક્યારેય પૈસા ખૂટ્યા નથી.'



'વાઉ, આ તો સખત નવાઈની વાત કહેવાય.' શૌર્ય બોલ્યો.

'હા ! તમે કયો ખજાનો શોધવા આવ્યા છો એ ખબર નથી. પણ, અમારા માટે તો 'અક્ષયપાત્ર' જ અમારો ખજાનો છે !' સરે ગર્વથી કહ્યું.


વડાપાંઉનો સ્વાદ અને વાર્તાનો સાર સાથે લઈને ત્રણેવ બાળકોએ સરની વિદાય લીધી અને બહાર નીકળ્યા.

'હવે કેમ્પ પાછા ફરી જવું કે પછી ખજાનાની શોધ આગળ વધારવી', એ સવાલોમાં ગૂંચાયેલા હતા ત્યાં તો એમની નજર એક પથ્થર પર લીલી શાહીથી દોરેલા ડૉટ્સ પર પડી.

'લીલી શાહી !' ત્વિશાએ કહ્યું 'પેલા કાગળિયાં પર પણ લીલી જ શાહી હતી. આ ચોક્કસ આગળનો ક્લૂ હોવો જોઈએ !' શૌર્ય એક તીક્ષ્ણ પથ્થર લઈ આવ્યો અને ત્વિશાએ ડૉટ્સ જોડ્યા.

# ક્લૂ શોધો

નંબર મુજબ ડોટ્સ જોડી આગળનો ક્લૂ સમજવામાં મદદ કરીએ.



'એક ઘર !' અંબિક મોટેથી બોલી ઊઠ્યો. 'એટલે આપણે હવે એક ઘર શોધવાનું છે ?'

'ઘર નહીં, એક ટેકરી ઉપર રહેલું ઘર.' શૌર્યએ એની વાત સુધારી.

બધાએ આજુબાજુ જોયું. ટેકરી ઉપર ઘર ક્યાં હોઈ શકે ? કઈ દિશામાં જવાનું ? ત્યારે જ શૌર્યની નજર દૂર એક ટેકરી પર રહેલા ઘર પર પડી.

'ચાલો !!'

થોડી જ વારમાં તેઓ ટેકરી ઉપર પહોંચી ગયા. ત્યાં લાકડાથી બનેલા ઘર પાસે પહોંચ્યા. દરવાજા પાસે 'મનોજ પરીખ' નામની નેમ-પ્લેટ લટકતી હતી. અંદર કોઈ દેખાઈ નહોતું રહ્યું. બાળકોએ દરવાજો ખખડાવ્યો.

'કોણ છે?' અંદરથી એક સ્ટ્રોંગ અવાજ આવ્યો.

'આપણે અહીં કેમ આવ્યા છીએ એનું સાચું કારણ કહેવું નથી. આપણે ચપળતાથી આખું ઘર તપાસી લઈશું. કોઈને કંઈ ક્લુ મળે તો માથામાં ત્રણ વાર હાથ ફેરવીને એકબીજાને ઈશારો કરીશું.' ત્વિશાએ ધીમેથી બધાને સૂચના આપી.

દરવાજો ખુલ્યો.



'સર, અમે પ્રવાસ પર નીકળ્યા છીએ અને રસ્તો ભૂલી ગયા છીએ. થોડી વાર અહીં આરામ કરી શકીએ?'

'હા, હા.. કેમ નહીં !' ભાઈએ બાળકોને પ્રેમથી અંદર આવકાર આપ્યો.

અંદર પ્રવેશીને બાળકો અચંબિત થઈ ગયા. આખું ઘર પુસ્તકોથી ભરેલું હતું.

'બાપ રે ! આટલી બધી બુક્સ !! આ વાંચવા માટે તો એક આખી લાઈફ ઓછી પડે!' અંબિકે આંખો પહોળી કરીને કહ્યું.

પેલા ભાઈ બાળકો માટે શરબત લાવ્યા.

'સર, અહીં એકલા એકલા તમને ડર નથી લાગતો ?' શૌર્યએ ભાઈને વાતોમાં પરોવવાની કોશિશ કરી. એ વખતે ત્વિશા અને અંબિક આજુબાજુ નજર ફેરવીને ક્લુ શોધવા લાગ્યા.

'જેની પાસે બુક્સ હોય એને શેનો ડર ? અને આમ પણ હું એકલો નથી. તમારા જેવા બાળકો અહીં અવારનવાર બુક્સ વાંચવા અને લઈ જવા આવે છે.' ભાઈએ જવાબ આપ્યો.

'સર, મને બુક્સ વાંચવી બહુ જ ગમે. તમને પણ નાનપણથી બુક્સ વાંચવી ગમતી હતી ?' શૌર્યએ પૂછ્યું.

'નાનપણમાં એક એવી ઘટના બની જેના કારણે મને સાચું સમજવા અને જાણવા માટે રસ ઉત્પન્ન થયો.' ભાઈએ જવાબ આપ્યો.

'શું હતી એ ઘટના ?' ત્વિશાએ પૂછ્યું.



# નવી શાળા

તે દિવસે વિહાર નગરની રોનક કંઈક ઓર જ હતી. જાણે દિવાળી વહેલી ના આવી ગઈ હોય !

એક બિલ્ડિંગ ખૂબ જ સુંદર રીતે શણગારેલું હતું. બિલ્ડિંગની સામે ખુલ્લા મેદાનમાં બેઠેલા લોકોની નજર મંચ પર ટકેલી હતી. મંચ પર નામાંકિત લોકો ઉપસ્થિત હતા. બસ, એક ખુરશી ખાલી હતી.

પોડિયમ પર માઈક સામે ઉભેલો ભાઈ કાગળિયાં ફંફોળી રહ્યો હતો. લાગી રહ્યું હતું કે એમનું કોઈ કાગળિયું ખોવાઈ ગયું હતું.


મેદાનમાં બેઠેલો એક નાનકડો બાળક ટુકુર ટુકુર બિલ્ડિંગને જોઈ રહ્યો હતો. આ બિલ્ડિંગ જ તો એનું ભવિષ્ય રોશન કરવાનું હતું. ત્યાં તો એક સૂટ-બૂટ પહેરેલા ભાઈ સ્ટેજ પર આવ્યા અને લોકોએ તાળીઓના ગડગડાટથી એમનું સ્વાગત કર્યું. ખાલી ખુરશીમાં જઈને તેઓ ગોઠવાઈ ગયા.



પેલા નાનકડા બાળકની મમ્મીએ એને કહ્યું, 'મનોજ, આ છે યાદવ સાહેબ. એમના કારણે જ વિહારના દરેક બાળકનું ભણવાનું સપનું સાકાર થશે.'

ત્યાં તો માઈકમાંથી અવાજ આવ્યો, 'હલો, હલો... દેવીઓ અને સજ્જનો ! વિહાર નગરની સર્વ પ્રથમ ફ્રી પ્રાથમિક શાળાના ઉદ્‌ઘાટનમાં તમારું સ્વાગત છે. આજે જેમના કારણે આ શક્ય બન્યું છે તે મહાન વ્યક્તિ આપણી વચ્ચે ઉપસ્થિત છે. અને તે છે મિસ્ટર યાદવ.'

યાદવ સાહેબ હાથ જોડીને ઊભા થયા અને ફરી નમ્રતાપૂર્વક પોતાની ખુરશીમાં બેસી ગયા. 'સાચું કહું તો યાદવસાહેબના પરિચય માટે મને એક કાગળિયું આપવામાં આવ્યું હતું જે મને મળતું નહોતું. પણ, આવા મહાન વ્યક્તિ, જેમણે પોતે શ્રેષ્ઠ ભણતર પ્રાપ્ત કર્યું હોય અને જેમના હૃદયમાં વિદ્યાનું અતિ મહત્વ હોય એમના પરિચય માટે કાગળિયાંનું શું કામ ?



હું એમને નિવેદન કરીશ કે અહીં આવીને બે શબ્દ કહે.' મિસ્ટર યાદવ પોડિયમ તરફ આવ્યા. એમના ચહેરા પર એક હળવું સ્મિત હતું. ખૂબ નમ્રતાપૂર્વક એમણે હાથ જોડ્યા અને બોલ્યા, 'ખરું કહું તો ભણતરની કિંમત એને તો હોય જ જે ભણ્યો છે, પણ એને વધારે હોય જેનાથી ભણી શકાયું નથી. નાનપણમાં મારા ઘરની સામે એક ફેરિયો પુસ્તકો લઈને બેસતો. હું જ્યારે મજૂરી કરતો ત્યારે મને હંમેશાં થતું, 'કાશ, હું અભણ ના હોત. હું પણ આ પુસ્તકો વાંચી શકતો હોત !' બસ, મારી એ જ ભાવનાના કારણે આજ આ સ્કૂલ બની છે જેની લાઈબ્રેરી ખૂબ વિશાળ છે. બની શકે કે આ લાઈબ્રેરીના કોઈ એકાદ પુસ્તકમાંથી કોઈ બાળકને એવી સમજણ મળી જાય કે એનું જીવન ફેરફાર થઈ જાય. તમે બધા ખૂબ ધગશથી ભણજો અને દિલથી પુસ્તકો વાંચજો. જે હું ના કરી શક્યો એ તમે બધા અચૂક કરજો.'



તાળીઓનો ગડગડાટ થયો અને નાનકડા મનોજે એ જ વખતે યાદવ સાહેબના દરેક શબ્દને દિલથી અનુસરવાનું નક્કી કરી લીધું.

અંબિકને મેઈન-ડોરની બહાર લટકાવેલી નેમ-પ્લેટ યાદ આવી.

"સર, મનોજ પરીખ, એટલે કે...?" અંબિકનો પ્રશ્ન અધૂરો હતો અને સરે માથું હલાવીને 'હા' કહી. "હા, એ નાનકડો મનોજ 'હું' જ છું."

ત્રણેવ બાળકો ખૂબ પ્રભાવિત થયા. પણ, હવે આગળ વધવાનો ટાઈમ થઈ ગયો હતો.

ત્વિશાએ કહ્યું, "સર, થેન્ક યૂ વેરી મચ. હવે, અમે નીકળીશું. પણ ફરી કોઈ વાર અહીં ચોક્કસ આવીશું." શૌર્યને તો બુક્સ પાસેથી ખસવાનું મન જ નહોતું થતું. પણ અંબિક અને ત્વિશા એને ખેંચીને બહાર લઈ ગયા.

બહાર નીકળીને શોર્ય બોલ્યો, "આપણને પેલો ખજાનો મળે કે ના મળે, પણ મને તો આ જગ્યા કોઈ ખજાનાથી ઓછી નથી લાગતી. મને તો મારો ખજાનો મળી ગયો !"



"અગાઉનો ક્લુ આપણને અહીં સુધી લાવ્યો. તો, નેક્સ્ટ ક્લુ અહીં આસપાસ જ હોવો જોઈએ." અંબિકે નજર ફેરવતા કહ્યું.

"બની શકે કે આપણને ગેરસમજ થઈ હોય અને 'ટેકરી પર ઘર' વાળો ક્લુ ખજાના તરફ ના દોરી જતો હોય ?" ત્વિશા બોલી.

તો મિત્રો, શું લાગે છે ? ક્લુ સમજવામાં ત્વિશા, અંબિક અને શૌર્યએ કોઈ ભૂલ કરી છે ? કે પછી ખજાનો આસપાસ જ છુપાયેલો છે અને એમને જડતો નથી ? એમને ખજાનો કેવી રીતે મળશે, કે પછી મળશે કે નહીં ?!

આ બધા જ પ્રશ્નોના જવાબ આપણને મળશે આવતા અંકે !!



# AALOO CHILLY



ચીલી આલુ પર ચિડાયેલો હતો. પણ આલુ એના માટે 'બેસ્ટ સિંગર'વાળી બૉટલ લાવ્યો, એટલે ચીલી ફરી ખુશ થઈ ગયો હતો. પણ જ્યારે આલુએ ચીલીના હરીફ કોકોને પણ જ્યૂસની બૉટલ આપી ત્યારથી ચીલીને ગરમ ગરમ લાગવા માંડ્યું છે. હવે આગળ...

હજુ હું કંઈ વિચારું, એ પહેલા તો આલુએ જોરથી બૂમ પાડી, 'ચીલી, તું એકદમ મસ્ત ગાય છે !'

અને તળાવ પર બધાનું ધ્યાન મારા પર પડ્યું. બધા મને જોઈ રહ્યા હતા. એ જોઈને હું ગભરાઈ ગયો. મને થયું, કે આ આલુ બૂમો શું કામ પાડતો હશે ? પણ પછી તરત થયું, કે હું શું કામ ચિંતા કરું ! મારું ફ્રેન્ડશિપ સોંગ સાંભળીને બધા રડી પડશે. મને તો ડર છે કે જો જીફફી અહીંયા હશે તો આજે એના આંસુથી તળાવમાં પૂર આવી જશે.



હજુ હું મારું ગાવાનું પૂરું કરું, એ પહેલા કોકોએ વચ્ચેથી ગાવાનું શરૂ કરી દીધું.




આ કોકો કેવી છે ? મેં ફ્રેન્ડશિપ પર સોંગ ગાયું, તો એણે મારી કૉપિ કરી. અને મારું સોંગ પૂરું પણ ના કરવા દીધું. આ ઓછું હતું ત્યાં તો આલુ બોલ્યો.



આ આલુ શું બોલ્યો ? પાર્સલીના ગાવાથી મને સંભળાતું બંધ તો નથી થઈ ગયું ને ?! મને 'બેસ્ટ સિંગર' કહીને એ કોકોના વખાણ કરે છે !! મેં તરત જ જઈને એના ખભા પર ચાંચ મારીને કહ્યું, ''આલુ, તું મારા બદલે 'કોકો'નું નામ બોલ્યો.'' તો મને ધીરેથી કહે, 'તેં સાંભળ્યું એણે શું ગાયું ?' અરે ! હું શું કામ કોકોને સાંભળું ?! કોકોએ મને સાંભળીને ગાતા શીખવાનું છે, બેસ્ટ તો હું છું. ત્યાં તો ફરીથી આલુ બોલ્યો,

**ચીલી, મને લાગે છે કે આ વખતની સિંગિંગ કૉમ્પિટિશનની વિનર તો કોકો જ બનશે !**

આ સાંભળીને હું હસી જ પડ્યો. મને હવે લાગે છે કે આલુ તો મસ્તી કરે છે.

**'જે રીતે ડાન્સિંગની કૉમ્પિટિશનમાં તું છેલ્લેથી જીતે છે, એ રીતે સિંગિંગમાં કોકો જીતશે !!'**



અને ત્યાં તો મને જીફ્ફીનું ધ્રુસકું સંભળાયું. હવે આને શું થઈ ગયું ? આલુ પણ મારી સામે ધારી ધારીને જોતો હતો. આ આલુ મને સપૉર્ટ કરવાને બદલે કોકોને કેમ સપૉર્ટ કરે છે !?

# જ્ઞાન મંદિર (ગુરુકુળ) અડાલજમાં પ્રવેશ શરૂ




જ્ઞાનમંદિર માં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનનું જ્ઞાન થકી પોતાના દીકરા માં સંસ્કાર સિંચન થાય તેવું ઇચ્છતા માતા - પિતાએ પોતાના દીકરાના ઇન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સિટી (અડાલજ) એડમિશન માટે ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

રજીસ્ટ્રેશન ફક્ત ધો. ૫ થી ૯ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ(છોકરાઓ) માટે જ છે.

વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.

સંપર્ક સમય: સવારે ૧૦ થી સાંજે ૭ વાગ્યા સુધી રેહશે
મો. ૯૯૨૪૩૪૪૪૮૧

DBF • અડાલજ